# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 18-09-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: THURSDAY** **National News**

આકાશવાણી સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

**************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ નાગરિકોને સ્વદેશી બનાવટની વસ્તુઓ ખરીદીને દેશના આર્થિક વિકાસને વધુ મજબૂત બનાવવા અપીલ કરી.

2) પ્રધાનમંત્રીના જન્મદિનની ઉજવણી સ્વરૂપે અમદાવાદમાં નમોત્સવ તેમજ સાબરમતી રિવરફ્રન્ટ પર ડ્રોન શો સહિતના રાજ્યભરમાં વિવિધ કાર્યક્રમો યોજાયા.

3) વિધાનસભાની આગામી ચૂંટણીની વ્યૂહરચના ઘડવા આજે ભાજપના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ બિહારના પ્રવાસે.

4) અમેરિકાના પેન્સિલવેનિયામાં ગઈકાલે સાંજે થયેલા ગોળીબારમાં અનેક પોલીસ અધિકારીઓ ઘાયલ.

5) એશિયા કપ ટી-20 ક્રિકેટમાં, આજે અફઘાનિસ્તાન અને શ્રીલંકાનો મૂકાબલો.

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....

# PM-MP SWADESHI

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભારપૂર્વક જણાવ્યું કે, તહેવારોની મોસમ સ્વદેશીના મંત્રને ફરીથી મજબૂત કરવાનો પણ સમય પાકી ગયો છે. ગઈકાલે મધ્યપ્રદેશના ધાર ખાતે શિલાન્યાસ અને વિકાસ કાર્યોનું ઉદ્ઘાટન કર્યા પછી, શ્રી મોદીએ નાગરિકોને ખાતરી કરવા વિનંતી કરી કે તેઓ જે કંઈ ખરીદે છે અથવા વેચે છે તે ભારતમાં બનેલું છે કે નહીં. મહાત્મા ગાંધી દ્વારા સ્વતંત્રતા માટે સ્વદેશીના ઉપયોગને યાદ કરતાં, તેમણે કહ્યું કે તે હવે વિકસિત ભારતનો પાયો બનવું જોઈએ.

(બાઇટ- PM-MODI-ON-MADE-IN-INDIA)

સ્વદેશી વસ્તુઓ ભલે નાની હોય, બાળકો માટે રમકડાં હોય, દિવાળીની મૂર્તિઓ હોય, ઘરની સજાવટ હોય કે પછી મોબાઇલ, ટીવી અને રેફ્રિજરેટર જેવી મોટી ખરીદી હોય આ વસ્તુઓ ખરીદીને ભારતના આર્થિક વિકાસમાં સહયોગ આપવા પણ તેમણે નાગરિકોને અપીલ કરી હતી.

શ્રી મોદીએ ભાર મૂક્યો કે જ્યારે આવશ્યક ચીજવસ્તુઓનું સ્થાનિક સ્તરે ઉત્પાદન થાય છે, ત્યારે તે સાથી નાગરિકો માટે રોજગારીનું સર્જન કરે છે. 22 સપ્ટેમ્બરથી નવરાત્રિની શરૂઆત સાથે, ઘટાડેલા GST દરો અમલમાં આવી રહ્યા છે, તેથી તેમણે દરેકને સ્વદેશી ઉત્પાદનો ખરીદવા અને સુધારેલા દરોનો લાભ લેવા વિનંતી કરી.

# PM BIRTH DAY CELBRATION – GUJARAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જન્મ દિવસ નિમિત્તે ગુજરાતમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરાયું. અમદાવાદમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં નમોત્સવ કાર્યક્રમ યોજાયો. જેમાં પ્રધાનમંત્રીની જીવનગાથા દર્શાવતો મલ્ટીમીડિયા શૉ યોજાયો હતો. સાબરમતી રિવરફ્રન્ટ ખાતે ડ્રોનશો યોજાયો. જેમા ડ્રોનની મદદથી પ્રધાનમંત્રીના ચેહરાની પ્રતિકૃતિઓ રજૂ કરાઇ હતી.

રાજકોટમાં કેબિનેટ મંત્રી ભાનુબેન બાબરીયા અને મુળુ બેરાની ઉપસ્થિતિમાં “સ્વસ્થ નારી સશક્ત પરિવાર" કાર્યક્રમમાં રાષ્ટ્રીય વયોશ્રી યોજના હેઠળ એક હજાર 245 વરિષ્ઠ નાગરિક લાભાર્થીઓને સહાયક ઉપકરણોનું વિતરણ કરાયું હતું.

ભાવનગરમાં મહા રક્તદાન શિબિરમાં એક હજારથી વધુ લોકોએ રક્તદાન કર્યું હતું. વડોદરા જિલ્લામાં 242 આરોગ્ય શિબિર યોજાઇ હતી. જેનો લાભ 20 હજારથી વધુ મહિલાઓએ લીધો.

# AMIT SHAH- BIHAR VISIT

ભાજપના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ ગઇકાલ સાંજથી બિહાર પહોંચ્યા છે. આજે તેઓ રોહતાસ અને બેગુસરાયના 20 જિલ્લાના પાર્ટી

સ્થાનિક નેતાઓ અને કાર્યકરો સાથે વાતચીત કરશે અને આગામી વિધાનસભા ચૂંટણી માટેની યોજનાઓની ચર્ચા કરશે.

આગામી વિધાનસભા ચૂંટણીઓ માટે NDAની જીત સુનિશ્ચિત કરવા માટે આ બેઠકોમાં વ્યૂહનીતિ ઘડાશે.

## CHHATTISGARH - MAOISTS KILLED

છત્તીસગઢમાં, બીજાપુર જિલ્લામાં સુરક્ષા દળો સાથેની અથડામણમાં બે માઓવાદીઓ માર્યા ગયા છે. જિલ્લાના દક્ષિણ-પશ્ચિમ ભાગમાં મોટી સંખ્યામાં માઓવાદીઓની હાજરી અંગે સુરક્ષા દળોને ગુપ્ત માહિતી મળ્યા બાદ ગઈકાલે એક અથડામણ થઈ હતી, અત્યાર સુધીમાં, સ્થળ પરથી બે માઓવાદીઓના મૃતદેહ મળી આવ્યા છે. એક રાઇફલ, એક BGL લોન્ચર અને અન્ય વિસ્ફોટક સામગ્રી પણ જપ્ત કરવામાં આવી છે. આ અથડામણ દરમિયાન જિલ્લા રિઝર્વ ગાર્ડના બે જવાનો ઘાયલ થયા હતા. તેમની સ્થિતિ ભયમુક્ત છે.

આ દરમિયાન, છત્તીસગઢના નારાયણપુર જિલ્લામાં, બાર માઓવાદીઓએ આત્મસમર્પણ કર્યું છે. પોલીસ અધિક્ષક રોબિન્સન ગુરિયાએ માહિતી આપી કે, આત્મસમર્પણ કરનારાઓમાંથી નવના માથા પર કુલ અઢાર લાખ રૂપિયાનું ઈનામ હતું. આ ઉપરાંત સુકમા જિલ્લામાં, સુરક્ષા દળોએ ટિફિન બોમ્બ અને વિસ્ફોટક સામગ્રી સાથે ચાર માઓવાદીઓની ધરપકડ કરી છે.

# GST REFORMS

આ સ્વતંત્રતા દિવસે, લાલ કિલ્લાની પ્રાચીર પરથી, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આગામી પેઢીના GST સુધારાઓની જાહેરાત કરી હતી. આ મહિનાની ત્રીજી તારીખે, જ્યારે GST કાઉન્સિલે નાગરિકોના જીવનને સરળ બનાવવા માટે ઘણા ક્ષેત્રોમાં કર દર ઘટાડ્યા ત્યારે તેમનું વિઝન સાકાર થયું. આજે, આપણે કાપડ ક્ષેત્ર પર એક નજર નાખીએ છીએ.

[V/C- HARSHAL PANDYA)

*આગામી પેઢીના સુધારા હેઠળ કાપડ ઉદ્યોગ પર મોટા કર ઘટાડાથી સામાન્ય માણસ પરનો નાણાકીય બોજ હળવો થયો છે. માનવ-નિર્મિત ફાઇબર્સ પરના GST દર અગાઉ 18 ટકાથી ઘટાડીને 5 ટકા કરવામાં આવ્યા છે. જ્યારે માનવ-નિર્મિત યાર્ન પરના GSTને 12 ટકાથી ઘટાડીને 5 ટકા કરવામાં આવ્યો છે. કાપડ ક્ષેત્રમાં ખર્ચમાં ઘટાડો થવાની, માંગમાં વધારો થવાની અને નિકાસ વધવાની અપેક્ષા છે. દરમિયાન, 2 હજાર 500 રૂપિયા પ્રતિ નંગ સુધીના રેડીમેડ ગાર્મેન્ટ્સ પરનો GST પણ 5 ટકા કરવામાં આવ્યો છે, જેનાથી ફેશનેબલ વસ્તુઓ સસ્તી બનતા અને માંગમાં વધારો થશે. કાપડના વેપારીઓએ આ પગલાંને આવકારીને કર ઘટાડાથી વૈશ્વિક બજારોમાં નિકાસ સ્પર્ધાત્મકતા વધશે અને ભારતની વૈશ્વિક કાપડ હબ બનવાની મહત્વાકાંક્ષાને ટેકો મળશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.*

*હર્ષલ પંડ્યા, આકાશવાણી સમચાર, અમદાવાદ*

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# PENNSYLVANIA SHOOTING

**અમેરિકાના ગ્રામીણ એવા મધ્ય પેન્સિલવેનિયામાં ગઈકાલે સાંજે થયેલા ગોળીબારમાં અનેક પોલીસ અધિકારીઓ ઘાયલ થયા હતા, જેમાં ઓછામાં ઓછા બેને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. વેલસ્પેન યોર્ક હોસ્પિટલના પ્રવક્તાએ એક નિવેદનમાં જણાવ્યું કે, બે લોકોની હાલત ગંભીર છે. ગોળીબાર કરનાર શંકાસ્પદ વ્યક્તિનું મોત નીપજ્યું છે. પોલીસે આ ઘટનાની વધુ વિગતો જાહેર કરી નથી.**

**અધિકારીઓ કોર્ટનો આદેશ આપી રહ્યા હતા ત્યારે ગોળીબાર થયો હોય તેવા પ્રાથમિક અહેવાલ છે. પેન્સિલવેનિયાના ગવર્નર જોશ શાપિરોએ જણાવ્યું કે, તેઓ ગોળીબારના સ્થળે ગયા હતા. યુએસ એટર્ની જનરલ પામ બોન્ડીએ**

સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું કે, પોલીસ તેમજ તંત્ર ઘટના સ્થળે પહોંચીને સમગ્ર ઘટનાની તપાસ કરી રહ્યું છે.

## US-INTEREST RATE CUT

US ફેડરલ રિઝર્વે તેના બેન્ચમાર્ક વ્યાજ દરમાં 0.25 ટકાનો ઘટાડો કર્યો છે. ગયા વર્ષના ડિસેમ્બર પછીનો આ પહેલો ઘટાડો જાહેર કર્યો છે. છેલ્લા લાંબા સમયથી અમેરિકા સ્થગિત શ્રમ બજાર અને ધીમી આર્થિક વૃદ્ધિનો સામનો કરી રહ્યું છે. ફેડે એક નિવેદનમાં જણાવ્યું કે, નોકરીઓમાં ઘટાડો થયો છે, અને બેરોજગારી દર વધ્યો છે અને ફુગાવો વધ્યો છે.

નવા ફેડ ગવર્નર સ્ટીફન મીરાને અસંમતિ વ્યક્ત કરતા કહ્યું કે, તેઓ અડધા ટકાવારી-પોઇન્ટ કાપને પસંદ કરે છે.

દરમિયાન, ફેડરલ રિઝર્વે અપેક્ષિત વ્યાજ દરમાં ઘટાડો કર્યા બાદ અને વોલ સ્ટ્રીટના શેરબજારો મિશ્ર બંધ થયા, જેમાં US શેરબજારોમાં ભારે ઉથલપાથલ જોવા મળી.

## UNICEF-TALIBAN

અફઘાનિસ્તાનમાં છોકરીઓને તમામ સ્તરે શિક્ષણ મેળવવાની મંજૂરી આપવાનું તાલીબાનોને યુનિસેફે આહ્વાન કર્યું છે. યુનાઇટેડ નેશન્સ ઇન્ટરનેશનલ ચિલ્ડ્રન્સ ઇમરજન્સી ફંડ (યુનિસેફ)એ ચેતવણી આપી છે કે, છોકરીઓના શિક્ષણ પરના પ્રતિબંધોએ તેમને તેમના ઘરોમાં જ સીમિત કરી દીધી છે અને તેઓ

માનસિક સ્વાસ્થ્ય સમસ્યાઓ, બાળ લગ્ન અને નાની ઉંમરે ગર્ભાવસ્થાનો સામનો કરી રહી છે.

એક નિવેદનમાં, યુનિસેફે ચેતવણી આપી કે, 2025ના અંત સુધીમાં 2.2 મિલિયનથી વધુ કિશોરીઓ શાળામાંથી દૂર રહેશે. એજન્સીએ તેમને તાત્કાલિક પ્રતિબંધો હટાવીને પ્રાથમિક શાળાથી લઈને ઉચ્ચ શિક્ષણ સુધીના તમામ સ્તરે દરેક છોકરીને શિક્ષણ મળે તે સુનિશ્ચિત કરવા વિનંતી કરી. ઓગસ્ટ 2021માં સત્તા કબજે કર્યા પછી તરત જ તાલિબાને અફઘાનિસ્તાનમાં છોકરીઓ માટે માધ્યમિક શિક્ષણ પર પ્રતિબંધ મૂક્યો હતો.

## ASIA CUP CRICKET

એશિયા ટી-20 કપ ક્રિકેટમાં, અફઘાનિસ્તાન આજે યુએઈના અબુ ધાબીમાં ગ્રુપ Bની મહત્વપૂર્ણ મેચમાં શ્રીલંકા સામે ટકરાશે. આ મેચ ભારતીય સમય મુજબ રાત્રે 8 વાગ્યે શરૂ થશે. સુપર ફોરમાં સ્થાન મેળવવા માટે અફઘાનિસ્તાને આ મેચ જીતવી પડશે.

ગઈકાલે, પાકિસ્તાને ગ્રુપ A મેચમાં યજમાન સંયુક્ત આરબ અમીરાતને 41 રનથી હરાવ્યું. પહેલા બેટિંગ કરતા, પાકિસ્તાને ફખર ઝમાનના 50 રનની મદદથી 20 ઓવરમાં નવ વિકેટે 146 રન બનાવ્યા. યુએઈ તરફથી જુનૈદ સિદ્દીકીએ ચાર વિકેટ લીધી.

147 રનનો પીછો કરતા, યજમાન ટીમ 17.4 ઓવરમાં 105 રનમાં ઓલઆઉટ થઈ ગઈ. પાકિસ્તાનના બોલર શાહીન આફ્રિદી, હરિસ રૌફ અને

અબરાર અહેમદે બે-બે વિકેટ લીધી. વરસાદના વિઘ્નને કારણે મેચ એક કલાક મોડી શરૂ થઇ હતી.

આ જીત સાથે, પાકિસ્તાન ભારત સાથે સુપર ફોર તબક્કામાં આગળ વધ્યું, જ્યારે યુએઈ ટુર્નામેન્ટમાંથી બહાર થઈ ગયું.

## EC-EVM BALLOT PAPER

મતદારોની સ્પષ્ટતા અને વાંચનક્ષમતા વધે તેવા આશય સાથે ચૂંટણી પંચે EVM બેલેટ પેપર્સની ડિઝાઇન અને પ્રિન્ટિંગ માટે ચૂંટણી આચાર સંહિતા નિયમો હેઠળ હાલની માર્ગદર્શિકામાં સુધારો કર્યો છે. નવીમાર્ગદર્શિકા મુજબ, EVM બેલેટ પેપર પર ઉમેદવારોના ફોટોગ્રાફ્સ રંગીન રીતે છપાશે અને ઉમેદવારનો ચહેરો સ્પષ્ટ રીતે દેખાશે. તમામ ઉમેદવારોના નામ અને NOTA સરળતાથી વાંચી શકાય તે માટે સમાન ફોન્ટમાં છપાશે.

પંચે માહિતી આપી કે, બિહારથી શરૂ થતી આગામી ચૂંટણીઓમાં અપગ્રેડેડ EVM બેલેટ પેપર્સનો ઉપયોગ કરાશે.

## <u>અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે મયુર સોલંકી</u>

- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જન્મદિવસના સમાચારને આજે મોટા ભાગના અખબારોએ મુખ્યશીર્ષક બનાવ્યા છે.
- સંદેશ લખે છે પીએમ મોદીનો જન્મદિને નિર્ધાર-સ્વદેશીના પાયાના પર વિકસિત ભારતનું નિર્માણ નવગુજરાત સમયે લખ્યું, પીએમ મોદી પર 75મા જન્મ દિવસે અભિનંદનની વર્ષા
- GSTના જાહેરનામાના સમાચાર પણ અખબારોમાં પ્રથમ પાને જોવા મળી રહ્યા છે. દિવ્ય ભાસ્કર લખે છે GSTની અધિસુચના,કેન્દ્રએ નવા દરો જાહેર કર્યા,સોમવારથી લાગુ પડશે.
- EVMમાં ઉમેદવારનો રંગીન ફોટો, સિરિયલ નંબર દેખાશે: ચૂંટણી પંચની નવી ગાઈડલાઇન- આ સમાચારને સંદેશે પ્રથમ પાને છાપ્યા છે.
- ફૂલછાબ છેલ્લા પાને લખે છે મોરબીમાં મુખ્યમંત્રીના હસ્તે 10 લાખ વૃક્ષોનું વન કવચ 'નમોવન'નું લોકાર્પણ
- ગુજરાત સમાચારે વડી અદાલતના નિવેદનને ટાંકીને લખ્યું- નવરાત્રિમાં કાર પર બ્લેક ફિલ્મ દૂર કરવા તાકીદ-વાહનોનો દુરુપયોગ અટકશે
- આ સિવાય એશિયા કપ, મહિલા ક્રિકેટમાં ભારત ઓસ્ટ્રેલીયા મેચ સહિતના સમાચાર પણ અખબારોના રમતગમતના પાને જોવા મળી રહ્યા છે.